No. 31—Vol. LVII.

FRIDAY,

7TH AUGUST, 1959

Registered at the G.P.O. as a Newspaper

Price 4d.

INDIAN OPINION

ઇન્ડિયન ઓપિનિયન

મહાત્મા ગાંધીજીના હસ્તે સને ૧૯૦૩માં સ્થપાયું.

ભૂતપૂર્વ તંત્રી સ્વ. મણીલાલ ગાંધી

કદી ન પડવામાં આપણી સર્વોત્તમ મહત્તા રહેલી નથી; પરંતુ જ્યારે કદીયે પડીએ, ત્યારે દરેક વખતે ફરી પાછા ઉઠવામાં રહેલી છે. —કોન્ફુશિયસ.

પુસ્તક ૫૭ મું—અંક ૩૧ | તા. ૭ ઓગસ્ટ, ૧૯૫૯. | છુટક નકલ પે, ૪

# હિંદ સરકારે કેરાલાના કોમ્યુનીસ્ટો સામે લીધેલું પગલું

(અમારા ખાસ ખબરપત્રી તરફથી)

ઘણા અઠવાડીયાના અશાંત વાતાવરણ પછી હીંદ સરકારે કેરાલામાં કોમ્યુનીસ્ટ સામે સખત પગલું ભર્યું છે. ગુરૂવાર, જુલાઈ ૩૦મી એ સરકારે રાષ્ટ્રપતીને વિનંતી કરી હતી કે કેરાલાનું બંધારણ રદ કરી ત્યાંની સરકારને સત્તાપરથી દુર કરવી. આ બારામાં રાષ્ટ્રપતીએ જે લેખીત હુકમ કર્યો હતો તે જાહેર કરતાં પહેલા ડૉ. પ્રસાદે શ્રી નહેરૂને બતાવ્યો હતો. આ પગલા બારામાં ધારાસભાની ફરી બેઠક મળશે ત્યારે શ્રી નહેરૂ એની ચર્ચા કરશે.

એમ મનાય છે કે કેરાલાના ગવરનર શ્રી બી. રામાકૃષ્ણ રાવનો એ પ્રાંતની પરિસ્થિથીનો હેવાલ ધારાસભામાં રજુ થયા પછીજ હીંદ સરકારે આ પગલું ભરવાનું નકકી કર્યું હતું. શ્રી રાવે એમના હેવાલમાં જણાવ્યું હતું કે ત્યાંની પરિસ્થિતિ એટલી બગડી ગઇ છે કે સખત પગલા સીવાય એ ચળવળ બંધ નહી કરી શકાય. વળી આ દરમીયાન કેરાલાની સરકારનું કામકાજ સાવ બંધ પડી ગયું હતું.

બધા જાણે છે કે ત્યાંની ચળવળની અમુક નીતિ શ્રી નહેરૂને ગમીન હતી અને તેથી આ ચળવળને સાથ આપવો કે મધ્યસ્થ સરકારે દખલગીરી કરવી એ એમને પસંદ ન હતું. એમના આવા વિચાર હોવા છતાં એમને આ પગંલું ભરવું પડયું કારણ ત્યાંની પરિસ્થિતિ ઘણી ગુંચવાઇ ગઇ હતી. અને ગંભીર બની હતી.

નવેમ્બરની આખર પહેલા ત્યાં નવી સરકાર ચુંટાઈ જશે એવી માન્યતા છે. આ દરમીયાન ત્યાંનું કામકાજ સંભાળવા અને શાંતી સ્થાપવા રાષ્ટ્રપતીએ એક એડમીનીસ્ટ્રટર નીમ્યો છે.

થોડા વખતમાં હીંદની કોમ્યુનીસ્ટ પાર્ટીની પરીષદ ભરાશે અને હવે શું પગલું લેવું એ બાબત પર ચર્ચા કરશે. કોમ્યુનીસ્ટોના વીચાર મુજબ કોંગ્રેસ સરકાનું આ પગલું પ્રજાસત્તાકવાદી આદર્શોથી વિરૂદ્ધ છે પણ એમના કેટલાક નેતાઓના કહેવા મુજબ કોમ્યુનીસ્ટોને પ્રજાસત્તાકના આદર્શોમાં શ્રદ્ધા છે તેઓ ખોશે નહીં. ૨૮ મહિનાની કોમ્યુનીસ્ટ સરકાર હવે રદ બાબત થઇ છે. આમ છતા કોમ્યુનીસ્ટો કહે છે કે એમની નીતી બદલાવવાના નથી.

આમ છતાં કેરાલામાં વિરોધી પક્ષો વિજયનો ઉત્સવ ઉજવવાની તઈયારી કરી રહ્યા છે. વિરોધ પક્ષના નેતાઓએ જાહેર કર્યું છે કે કોમ્યુનીસ્ટો તરફ મીત્રતાથી અને સભ્યાતાથી વરતવું.

કેરાલાના આ બનાવથી આખા દેશમાં બધાને ઘણી ચીંતા થઇ રહી છે. કેરાલાની કોમ્યુનીસ્ટ સરકાર પર જેવા આરોપો મુકાયા હતા એવા આરોપ પત્રો બીજા પ્રાંતોમાં કોંગ્રેસ સરકાર પર મુકાયા છે. કોમ્યુનીસ્ટ પાર્ટીએ પશ્ચીમ બંગાળની સરકાર સામે આરોપો કર્યા છે. રાજ્ય સભાના કોમ્યુનીસ્ટ નેતા, શ્રી ભુપેશ ગુપતાએ રાષ્ટ્રપતિને અરજ કરી છે કે કેરાલામાં કર્યું એમ પશ્ચીમ બંગાળની કોંગ્રેસ સરકારને પણ રદ કરો. કોમ્યુનીસ્ટો ચળવળ શરૂ કરવાના છે કે નહી એ હજી ખબર નથી મળ્યા.

## ચિંતન

દરક માણસ જેટલુ પોતાનુ બુરૂં કરી શકે છે તટલું બુરૂં એનો દુસ્મન પણ ઘણી વખત કરી શકતો નથી. તમને તમારો વિરોધી દોષિત, દુર્ગુણી નાલાયક લાગતો હોય તો તમારે એના પરાજય માટે ચીંતા કરવાની જરૂર નથી. તમારા વિરોધીના દુર્ગુણો અને નાલાયકીજ એને ખાઇ જશે. માટે તમે તમારા વિરોધીના પતનના કારણ ભુત બની પાપમાં પડવાની ભુલ કરશો નહિ. —ચિંતક.

## શ્રેષ્ઠ ટોપી

ત્યારે હું નવ વર્ષનો હતો. મારી મા નિયમિત મંદીરે જતી અને હું ઘણું ખરૂં એની સાથે જવા માટે જીદ કરતો. મા રાજી થઇને મને મંદીરે લઇ જતી. પણ મંદીરમાંની ભગવાનની મુર્તી અને ત્યાં ચાલતી ધર્મ ચર્ચાોમાં મને રસ પડતો એવું કાંઇ નહીં.

મંદિરે જવાનું મને જે આકર્ષણ થતું, એ મારા આકર્ષણનું કેન્દ્ર હતું, એ મંદીરના મુખ્ય પુજારીની ટોપી, જે પ્રકારની ટોપી એ પોતાના માથા પર મુકતો એ ઘણી સુંદર લાગતી હતી અને એ મને ખુબ પસંદ હતી.

એટલે જ્યારે એક દિવસ મન બળવો પોકારી ઉઠયું ત્યારે મા પાસે જઇને એવી જ ટોપી મને આણી આપવાની જીદ પકડી. બાળકની હઠ સમજીને પહેલાં તો એ હસી પડી, પણ જ્યારે મેં મારી જીદ છોડી જ નહીં ત્યારે એ કહે "દીકરા! એ ટોપી કોઇ સામાન્ય ટોપી નથી; એ સૌથી શ્રેષ્ઠ ટોપી છે. સદાચરણવાળા માણસોને જ એ ટોપી મળે છે." પછી મને મા એ "સદાચરણ"નો અર્થ સમજાવ્યો.

ટોપી મેળવવાની લાલચમાં મેં અત્યંત ગંભીરતાપુર્વક મારી મા સમક્ષ પ્રતિજ્ઞા લીધી કે: "મા, તું વિશ્વાસ રાખ, આજથી જ નહીં, આ ક્ષણથી જ હું સદાચરણના સઘળા નિયમોનું પાલન કરીશ; પ્રાણીમાત્ર પ્રત્યે દયા ભાવ રાખીશ, કદી સત્ય અને પ્રમાણિકતા છોડીશ નહીં અને મારૂં ચારિત્ર્ય સદા યે ઉજ્જવળ રાખીશ; પણ તું મને એ ટોપી અપાવ."

એટલે મા હસી પડી. કહે: "તો તો પછી તારા માથા પર એ ટોપી છે જ."

એ વખતે કદાચ મારી માની વાત હું બરાબર ન સમજી શકયો હોઉં, પણ જેમ જેમ જીવનને નિકટતાથી જોતો અને સમજતો ગયો તેમ તેમ માનું આ વાકય મારા માનસ પર વધુ ને વધુ ઉંડી છાપ પાડતું ગયુ. આજ સુધી એ ટોપીને મારા માથા પર જાળવી રાખવાનો મેં પ્રયત્ન કર્યો છે.

—ઉ નૂ (બ્રહ્મદેશના માજી વડાપ્રધાન)

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

"ઇન્ડિયન ઓપિનિયન"

શુક્રવાર તા. ૭ ઓગસ્ટ, ૧૯૫૯.

# પ્રોફેસર ડી. ડી. ટી. જબાવુ

હમણાંજ ખબર મળ્યા છે કે ફોર્ટ હેર યુનીવર્સીટીના માજી પ્રોફેસર ડી. ડી ટી. જબાવુનું ઇસ્ટલંડનની હોસ્પીટલમાં અવસાન થયું છે. એમના કુટુંબને અમારી દીલસોજી દર્શાવતા અમે એમ જણાવવા ઈરછીએ છીએ કે એમને આફ્રિકનોની કેળવણી માટે ઘણી સુંદર સેવા કરી છે.

બ્રીટનમાં કેળવણી મેળવ્યા પછી પ્રો. જબાવુ અહીં આવ્યા ત્યારે એમને સાઉથ આફ્રીકન નેટીવ કોલેજના પહેલા આફ્રિકન પ્રોફેસર તરીકે નીમ્યા હતા. આ કોલેજ આજે ફોર્ટ હેર યુનીવર્સીટી કોલેજ તરીકે જાણીતી થઈ છે. પ્રોફેસર જબાવુએ ઘણા આફ્રિકનોને કેળવણી આપી હતી અને એમના હાથ નીચે ભણેલા આજે ઘણા પ્રખ્યાત બની ગયા છે.

પ્રોફેસર જબાવુનું કામ ફક્ત કોલેજમાંજ ન હતું પણ એમનો આફ્રિકનોનું જીવન ધોરણ ઉંચુ લાવવાનો પ્રયત્ન હમેશા ચાલુજ રહ્યો હતો. હર્ટઝોગના કેટલાક કાયદાઓ જે કેપ આફ્રિકનોનો વોટ કરવાનો હક ઝુટવી લેવા માંગતા હતા એનો એમને સખત વિરોધ કર્યો હતો.

આ લડત વખતે એમને એક પરીષદ બોલાવી હતી જે આજે ઓલ-આફ્રિકન કોનવેનશન તરીકે જાણીતી થઇ છે. આની સ્થાપનાથી એમને આફ્રિકન લોકોના ઈતીહાસનું એક નવુ પાનુ ખોલ્યું હતું. આ કોનવેનશને આફ્રિકન લોકોની સ્વતંત્રતાની લડતમાં ઘણી મદદ કરી છે.

પ્રોફેસર જબાવુ ૧૯૪૯માં સ્વ. શ્રી મણીલાલ ગાંધી સાથે આફ્રિકન પ્રતીનીધી તરીકે હીંદમાં ભરાએલી શાંતી પરીષદમાં ભાગ લેવા ગયા હતા.

ભગવાનની કૃપાથી પ્રોફેસર જબાવુ પોતે હાલની ચાલતી બોયકોટની ચળવળ જોઇ શક્યા હતાં. આ બોયકોટની રીત એમને પોતેજ સૌથી પ્રથમ એમના લોકોમાં ફેલાવી હતી.

આ બધા કાર્યો કર્યા છતાં પણ એમની શક્તી છેલ્લા શ્વાસ સુધી રહી હતી અને એમનામાં છેલ્લે સુધી ફરવાની અને લખવાની ધગશ જણાઇ હતી.

અમે માનીએ છીએ અને અમને ખાત્રી છે કે આફ્રિકનો પણ કબુલ કરશે કે પ્રોફેસર જબાવુ પોતે દેવલોક પામ્યા છે પણ એઓ આપણે માટે એટલુ બધુ સાહીત્ય મુકી ગયા છે કે જેમાંથી આપણા પછીની પ્રજાને પણ ઘણુ જાણવાનું મળશે. અને તે રૂપે તેઓ આપણી વચ્ચે અમર છે.

આ શોકજનક ખબર સાંભળી અમે પ્રોફેસર જબાવુના કુટુંબને આથી અમારી અંતકરણની દીલસોજી દર્શાવવા ઇરછીએ છીએ.

### ગ્રાહકોને વિનતી

આ વરસના ૭ માસ નિશ્ચીંતતામાં અમારા પસાર થયા. આ માસથી હવે બાકીના પાંચ માસ ફરી માટે નાણા ભીડ જણાવવા લાગી છે. ગ્રાહકોને નિયમીત લવાજમો ભરી દેવા બીલો મોકલાય છે. અમે આશા રાખીએ છીએ કે ગ્રાહકો પોતાનુ લવાજમ ભરી દઇ અમને નિશ્ચીંત કરશે.

કેટલાક ગ્રાહકોનું લવાજમ હજી ગયા વરસનું પણ બાકી છે. એ ભરી દેવાની કૃપા કરે.

વ્યાવસ્થાપક,
ઇન્ડિયન ઓપિનિયન.

# વિમા અંગે નવી ઠગાઈ

(અમારા ખબરપત્રી તરફથી)

છેલ્લા ૨૦ વર્ષના ગાળા દરમ્યાન નાની મુડીઓથી સ્થાપન થએલી ઘણી નાની નાની વીમા કંપનીઓ કે જેમાં ફક્ત એક કંપનીના અપવાદ સીવાય બીજી ઘણી નાની કંપનીઓએ જાહેર જનતાના ખાસ કરીને હીંદી વેપારીઓના મોટા ભાગને તેમની નવી ઠગાઇની જાળમાં પકડી લીધા છે.

આ ઠગાઈ ખાસ કરીને આગ-અને ચોરીના વિમાઓમાં જ કરવામાં આવે છે. તેમાંએ ચોરી અંગેનો વિમો ખાસ ચઢિયાતો છે. કારણ ચોરીથી નુકશાની આગ કરતાં વધારે હોય છે. એ અંગેની કળા સાદી અને સાધારણ છે. વિમો ઉતારવા માટે વિમા કંપનીનો માણસ જ્યારે આવે છે ત્યારે તે મીઠી સુવાળી વાતોથી ભરપુર હોય છે. પરંતુ તે પણ વિમાના ત ામ કામકાજ અને રીતથી ઘણુંજ થોડુ જાણતો હોય છે અને તે પણ ઉપરી ઠગ અધિકારીના એક હથીયાર તરીકે વર્તન કરી તેની દયા ઉપર જીવે છે. ઘરાકોને ખાસ કરીને કંપનીના સ્થાનીક મેનેજરો, અગર એવા બીજા મોટા અધિકારીઓ મળી જાય છે, અને કહેવામાં આવે છે કે, "તમારી સલામતી સારા માણસના હાથમાં છે. એની ખાત્રી રાખશો."

### એકાએક ફેરફાર

પણ કદાચ આગ અગર ચોરીના કારણો વિમો ઉતરાવનારને તેની ખુવારી અંગે જ્યારે ખુવારીની રકમ ચુકવવાની આવે છે ત્યારે અધિકારીઓ જરા ગુંદરીઆ થઇ જાય છે.

સભ્યતાથી, સહાનુભૂતી બતાવી મેનેજર અગર એના દરવાજાનો માણસ ખુવારી અંગેની અરજીના કાગળીઆ તઈયાર કરી એનો જલદી ચુકાદો થઇ જશે, એમ કહે છે. હવે આંકણી કરનાર અધિકારી ચીત્રમાં પ્રવેશ થાય છે. અને તે પણ સુંવાળા અને મીઠા હોય છે. આખરે તે સભ્યતાથી ખુવારી અંગેની અરજી ના મંજુર કરે છે.

ઘરાકો તેનો વિરોધ કરે છે. ત્યારે આંકણી કરનાર મેનેજર વિગેરે ઉપર ઉપર દોષ આરોપણ કરે છે, અને મેનેજર આંકણી કરનારના ઉપર દોષ મુકે છે, અને દરેક જણ ફરી તપાસ કરી અરજી અંગે ઘટતું કરવામાં આવશે એમ કહે છે. અને એમ કરતાં કાંઇ નહિનો સહેજે ત્રણ મહિનાનો ગાળો નીકળી જાય છે. હવે જ ખરેખર અઘરો વખત ચાલે છે.

એ ગાળા પછી આંકણી કરનાર તરફથી એક સચોટ પત્ર વેપારીને ઉદેશી લખેલ મળે છે, જે વેપારીને ખાસ અજાયબ કરી દે છે, જેમાં જણાવવામાં આવે છે કે તમારી ખુવારી અંગેની અરજી ના મંજુર કરવામાં આવે છે. કારણ કે વિમા કંપનીના કાયદાની કલમ રૂએ કોઇ "ખુવારી અંગે જો કાંઇ પણ પગલાં ત્રણ માસ સુધીમાં ન લેવામાં આવે તો તેની અરજી રદ બાબત થશે."

એવો કરાર દરેક કંપનીના કાગળમાં નાના અક્ષરે છાપેલો જ હોય છે. એમ જણાવી તેઓ માને છે કે, એક બીજો શીકાર પણ પડયો.

આવી ઠગાઇ ખાસ કરીને નાની નાની કંપનીઓં મારફતે થાય છે જેમાં મોટી પેઢીઓ પણ બદનામ થાય છે. "જનતાને ખાસ જાગવાની જરૂર છે." એવુ સુચન એક આંતરરાષ્ટ્રીય શાખવાટ ગરાવનાર મોટી વીમા કંપનીના સ્થાનીક મેનેજરે કર્યું હતું. "કોઇએ પણ ફરી તપાસ બાદ મંજુરી થશે એવી લેખીત ખાત્રી સીવાય કબુલ રાખવી ન જોઇએ." આ વિધાન ખાસ કરીને હીંદી વેપારી પેઢીઓ સાથે ઘણા લાંબા સમયથી સંપર્ક રાખનાર વ્યક્તીનું છે. જેઓ હીંદીઓની કુનેહને જાણે છે છતાં તેઓ આવા વાતોડીઆ સંકજામાં સપડાય પડે છે એ જાણી ખરેખર તાજુબ થાય છે. આ ઠગાઇમાં ખાસ કરીને હીંદી વેપારીઓને ઘણુંજ ખમવું પડયું છે જેમાં છેલ્લા ચાર માસ દરમ્યાનમાં એક જાણીતી હીંદી વેપારી પેઢી પા. ૧૧૦૦-૦-૦નો ભોગ બની હતી.

# કેનીયા કેમ્પમાં જુલ્મી વરતાવ

હોલા કેમ્પમાં ગયા માર્ચ મહિનામાં કેમ્પના ગાર્ડએ ખુબ માર મારી ને પરિણામે જે ૧૧ માઉમાઉ કેદીઓનાં મરણ નીપજ્યાં હતાં તે બનાવે દુનીયા ભરમાં ભારે ચકચાર જમાવી દીધેલ હોઇ પાર્લામેન્ટની આમની સભામાં આ માટે લેબર પાર્ટીએ એક ઠરાવ રજુ કરી હોલા કેમ્પમાં અખત્યાર કરવામાં આવેલી એ નીતિની સખ્ત ઝાટકણી કાઢી આ માટે કોલોનીયલ સેક્રેટરી મી. લેનોક્સ બોઇડ ઉપર પણ ટીકાની ઝડીઓ વંધોવી તેમના રાજીનામાની માગણી કરી હતી. પણ આ ઠરાવ બહુમતીએ ઉડી ગયો.

ત્યારબાદ કોલોનીયલ સેક્રેટરી મી. લેનોક્સ બોઇડે જાહેર કર્યું હતું કે કેનીયામાંના અટકાયતી કેમ્પો ઉપરની દેખરેખ માટે હવે એક સ્પેશ્યલ કમીશ્નરની નીમણુક કરવામાં આવે છે—

(અનુસંધાન માટે જુઓ પાનું ૩૧૦)

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

# કેટોમેનરનો હજી ઉકેલ નથી થયો

## આન્ટી ઈન્ડિયન તરફ જતું વલણ

(અમારા ખાસ ખબરપત્રી તરફથી)

છેલ્લા એક માસથી ચર્ચાતા કેટોમેનરના સવાલનો હજી કાંઈ નિકાલ નથી આવ્યો. રોજીન્દા છાપાઓ અહીં થતી ઘટનાઓની કેટલીએ પ્રસીદ્ધી કરી છે, આ લતો ૮૦ હજાર આફ્રિકનો અને ૪૦ હજાર હીંદીઓથી વસેલો છે. અને તેમાં રહેતા જુદા જુદા લોકોએ અને સંસ્થાઓએ જુદી જુદી માંગણીઓ કરી છે આથી સાધારણ રીતે જાહેર જનતા ગુંચવાડામાં મુકાય છે. બીજી બાજુ હજી ત્યાના વસાહતીઓ 'ગ્રીન માંબા'' બસ કે જે ત્યાં દોડે છે એને હજી ત્યાંના વસાહતીઓએ અપનાવી નથી. સ્ત્રીઓ હજી લડતના મુડમાં છે. અને પુરૂષો તે ભલે ડરબનમાં ગમે ત્યાં રહેતા હોય તેઓને મ્યુનીસીપલ બીયર હોલમાં દારૂ ન પીવા માટે સ્ત્રીઓ હજી ચેતવણીઓ આપ્યા જ કરે છે. અને પીવા નથી દેતા.

સીટી કાઉન્સીલે કોપરેશનના બીન-ગોરા કામદારો પગારમાં વધારો કરવાની સુચના સ્વિકાર્યા પછી બાન્ટુ ડાયરેક્ટર સાથે આફ્રિકન કોંગ્રેસના પ્રતિનિધીમંડળે વાટાઘાટો કરી નેટીવ કમીશનરે રહેવાસીઓ તરફથી મળેલી માહીતીઓ પર અમકખાનમાં અશાંતી શા માટે છે તે વિશે વાટાઘાટો કરી. સરકાર તરફથી નીમાયલા બાન્ટુ ઇન્ફોર્મેશન ઓફીસર મી. પોર્ટગીટરે એક નીવેદન દ્વારા જાહેર કર્યું છે કે કેટોમેનરમાં અશાંતી ફેલાવવાનું કારણ ત્યાની ગંદકી અને રહેઠાણની ખરાબ સગવડતે અને તરફ સીટી કાઉન્સીલે જે બેદરકારી બતાવી છે, તેને પરીણામે છે. આ આરોપનો વિરોધ ડરબનના મેયરે ઘણા ગુસ્સામાં કરી સરકાર સામે પ્રહારો કર્યાં હતાં.

### મગજ હજી શાંત નથી

આ દરમીયાન કેટોમેનરમાં ઘણી અશાંતી છે. મી. બોકવીનનું મુખ્ય ભર્યું નિવેદન કે જેમાં તેને જણાવ્યું હતું કે "આફ્રિકનો જો પાછા દારૂ પીતા નહી થાય તો તેમને સામાજીક સેવાઓ માટે જે મદદ મળે છે તે બંધ થશે." એ ધમકીથી આફ્રિકનોના મગજો શાંત થવાને બદલે વધારે ઉશ્કેરાયા છે. મેડીકલ હેલ્થ ઓફીસર ડો. સી. ડી. ઈંગ્લીશ, અને હેલ્થ કમીટીના ચેરમેન ડો. ડબલ્યુ. એફ. પી. કલ્યુવરે એવુ વલણ લીધુ છે કે ગોરા હેલ્થ સેવકોએ કેટોમેનરમાં સેવા ન આપવી કે જ્યાં સુધી ત્યાનું વાતાવરણ સ્થીર ન થાય. બીન ગોરા ડોક્ટરોની મદદ સ્વિકારાઇ નથી અથવા કોઇ તાત્કાળીક જરૂરીયાત વખતે સગવડ નથી કરાઇ. આ ધમકીરૂપે પગલુ ભરાયાનું જણાવાય છે પણ તે ખોટુ જણાય છે કારણ ડો. ઇંગ્લીશ બહું ચીંતાતુર રહે છે. આ સત્ય નથી તેમ છતાં જેઓ ધમકી માને છે તેઓએ હજી કાંઇ વિરોધ કર્યાનું જાણમાં પણ નથી.

પગાર વધારા સિવાય હજી બીજુ પગલુ કાઉન્સીલે ભર્યું નથી અને ભરશે કે કેમ તે વિશે કાંઇ જ બાહેંધરી પણ આપી નથી. ૧૯૪૯ના હુલ્લડ વખતે તપાસ સમીતીએ જે સુધારાઓ કરવા જણાવ્યું હતુ એનો અમલ થયો નહોતો અને એજ પરીસ્થીતી આજે પણ ચાલુ છે. એમ કહી શકાય કે કદાચ પરીસ્થીતી વધુ ખરાબ થઇ છે. કારણ ત્યા ૨૦ હજારની વસતી વધી છે. પોલીસો પણ હજી "ઘર દારૂ" માટે દરોડા પાડયા કરે છે, ફકત દારૂ માટે જ નહી પણ હાલમાં જેઓ બેકાર છે તેઓને તોફાનને કારણે ગીરફતાર કરવા માટે પણ દરોડા પાડી પકડવાનું કાર્ય શરૂ છે. આ પોલીસ દરોડાથી ત્યાની વસ્તી ઉશ્કેરાય છે.

### કુસંપ કરવાનો પ્રયત્ન

છેલ્લા બનાવ મુજબ આફ્રિકન કોંગ્રેસને ભય છે કે સત્તાધીશોએ એવા એજન્ટો રાખ્યા છે કે જેઓ હીંદી અને આફ્રિકનો વચ્ચે કુસંપો વધારવા માટે કેટલુક ગંદુ વાતાવરણ ફેલાવે છે. જો કે આ બાબામાં કાંઇ આપણી પાસે પુરાવા નથી એટલે આ કાર્ય માટે કોણે ગુન્હેગાર ઠેરવવા એ સમજી નથી શકાતું. છતાં ૧૯૪૯ના નાવોનું પુનઃ અવલોકન કરીએ તો જણાશે કે બીન-જવાબદાર ગોરાઓએ નાના બનાવોને મોટુ રૂપ આપી તોફાનો કરાવ્યા હતાં. ૧૯૪૯ના સમાચારથી ઘણા નેશનાલીસ્ટ વર્તમાન પત્રો ખુબ ખુશ થયા હતાં એ એક જાણીતી બીના છે. આ બનાવોથી હીંદીઓ ડર્યા હતાં અને તેનો લાભ લઇ સરકારે તેમને દેશમાંથી કાઢવા જે રકમ અપાય છે તેમાં પણ વધારો કર્યો હતો. આ હુલ્લડો દરમીયાન આફ્રિકનોએ જાણી શકયા કે ગોરાઓ બોસ છે અને બંદુક ધરાવે છે. ગયે અઠવાડીએ કેટલાક બ્લ્યુ યુનીફોર્મ પહેરેલા આફ્રિકનો મ્યુનીસીપલ લોરીમાં આવ્યા હતાં અને તેઓએ હીંદીઓને માર્યા હતાં. જો કે સત્ય છે કે કેટલાક આફ્રિકનોએ હીંદીઓને બચાવવા રક્ષણ આપ્યુ હતુ. વિક્ટોરીયા સ્ટ્રીટના બીયર હોલ સામે એક ગોરા ઓફીસરે હીંદીને ગાળો ભાંડી હતી. ગયા અઠવાડીયાની આખરીમાં છાપામાં એવો હેવાલ પ્રસીદ્ધ થયો છે કે, કેટલાક હીંદી દુકાનદારો અને બસ માલીકો ઇચ્છે છે કે આવા તોફાનો ચાલુ રહે જેથી બસ માલીકો અને દુકાનદારોનો વેપાર સારો ચાલે. કેટલાક જમીનદારો નથી ઇચ્છતાં કે તેમના ઝુંપડાઓ તોડી નાખવામાં આવે અને તેઓ ભાડામાં ખોટ ખાય.

આ ખોટા આરોપો પાછળ ગંદકી ભરેલી જણાય છે. ૧૯૪૯ના બનાવ બાદ હીંદીઓ આવું ઇચ્છે એ સંભવીત નથી જણાતું. એ ચોખ્ખુ છે કે આ તોફાનોની જવાબદારી પોતાને શીરે હોવા છતાં તેને ન સ્વીકારી કેટલાક ગોરાઓ કુસંપ કરાવવા આવી અફવાઓ ફેલાવી હીંદીઓને હોળીનું નારીયળ બનાવે છે. તેઓ ઇચ્છે છે કે ગોરાઓનો ગુસ્સો હીંદીઓ પર ઉતારે તો ગોરાઓ બચી જાય. આમાં બે ફાયદા છે એક એ કે બીન-ગોરાઓ વચ્ચે જે મંપનું વાતાવરણ સરજાય છે એમાં વિઘ્ન આવે અને બીજુ એ કે આફ્રિકનો ગોરાઓને મુખ્ય ગુન્હેગાર માને છે તેમાં ભાગલા પડે

---

## વિજ્ઞાન યુગમાં

ખેતીનું એકર દીઠ ઉત્પાદન વધે તે માટે ભારતે કેવો ને કેટલો પુરૂષાર્થ કરવાનો છે તે નીચેના આંકડાઓ પરથી સમજી શકાશે.

**એકરે ઉત્પાદન રતલમાં**

| દેશ | ચોખા | ઘઉં | રૂ |
|---|---|---|---|
| અમેરીકા | ૨૨૦૩ | ૮૯૨ | ૨૮૫ |
| જાપાન | ૩૪૬૨ | ૧૫૩૪ | ૧૦૭ |
| ચીન | ૨૧૪૧ | ૯૩૭ | ૧૫૨ |
| હીંદ | ૬૬૪ | ૫૮૯ | ૭૬ |
| ગુજરાત | ૫૧૬ | ૫૧૨ | ૧૦૬ |

એકરે ભારતનું ઉત્પાદન કેટલું ઓછું છે? ચોખામાં તો જાપાન ભારતથી સરેરાશ પાંચ ગણુ ઉત્પન્ન કરે છે આ મોટો ગાળો ભારત ક્યારે પુરો કરી શકશે? ભારત પાસે માથાદીઠ જમીનનું પ્રમાણ ઘણું ઓછું છે. એ પરિસ્થિતિમાં નવી જમીન મળે એવી સંભાવના જ ઓછી છે. એટલે એક જ માર્ગ રહે છે અને તે એકરે ઉત્પાદન વધારવાનો.


**માથે બાંધવાની રીબન અને વેણીઓ**

મખમલ, સાટીન, ટાફેટા સીલ્કની, રીબન અનેક રંગ, ડીઝાઇન અને સાઈઝમાં મળશે, લગ્ન મંડપ અને મોટર શણગારવા માટે જથ્થાબંધ રીબનો મળી શકશે.

બચ્ચાં માટે મખમલ, અને રેશમ તથા ફેલ્ટની ટોપીઓ કીફાયત ભાવે બનાવી આપવામાં આવશે.

અંબોડે બાંધવા મખમલ, રેશમ, કોટન વિગેરેનાં ફુલોની રંગ રંગની વેણીઓ અને અનેક પ્રકારના બ્રોચર્સ મળશે.

ટેબલ પર મુકવા માટે પ્લાસ્ટીકના સુંદર ફુલો મળશે.

ઠેકાણું: **માબરો હેટસ (પ્રો.) લી.**

લેડીઝ એન્ડ ચીલ્ડરન્સ હેટ મેન્યુફેક્ચરર,

ફોન: ૮૩૫-૬૪૮૨ પહેલે માળે, બોક્સ ૫૨૫૭.

માસ્ટર મેન્સન્સ — ૩૩ વેસ્ટ સ્ટ્રીટ, — જોહાનીસબર્ગ.


**મજુર ચાલ સમાર ફંડ**

કે. આર. બુલા, સ્પ્રીંગસ, પા. ૫-૫-૦


બુકકીપીંગ, ઇનકમ ટેકસ રીટર્ન્સ, લાઇસેન્સીસ, રેવન્યુ કલીયરન્સ અને ઇનસ્યોરન્સ માટે મળો:

**આર. વીઠ્ઠલ**


૧૨ બાર્કલી આર્કેડ, ૩૮ માર્કેટ સ્ટ્રીટ, કોરનર ડાયગોનલ અને માર્કેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ, ફોન ૩૩-૧૬૫૪.


PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

## શુભ પ્રસંગો માટે ભેટ!

સ્ત્રીઓ અને પુરૂષો માટે

# ઘડીયાળ!



૧૭, ૨૧ અને ૨૫ જ્યુલનાં
ઓટોમેટીક કેલેન્ડર.

* રોમર
* રોટરી
* સેંકો
* રૂસર

વિગેરે દરેક જાતનાં ઘડિયાળ.

ઉપરાંત પુરૂષોનાં શર્ટ સુટ, પાયજામા વિ.
તેમજ બાળકોનાં કપડાં.

## હોલસેલ ભાવે મળશે

બોક્સ ૫૬૮૮, ફોન: ૮૩૫-૨૬૦૧.

**વલ્લભભાઈ બી. પટેલની કું.**

૪૪, મારકેટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

---

## હમણાજ આવેલ શીપમેન્ટ

દરેક જાતની અગરબત્તીઓ જેવી કે "ત્રણ રોઝ" ગેટવે ઓફ ઇન્ડીઆ, અસોકાદરબાર, સુંગધી રાણી, ચામેલી, લત્તા મંગેશકર, વાંસંતી, કૃષ્ણ દરબાર વિગેરે. અમારા પ્રાઇસલીસ્ટ માટે લખો. (અમો ફક્ત હીંદની બનાવટનીજ અગરબત્તીઓ રાખીએ છીએ.)

લીલુ આદુ ૯ પેની રતલ
લીલી હળદળ શી. ૧–૦ „
આંબા હળદર શી. ૧–૦ „
મોટી કળી વાળુ લસણ ૧/૩ રતલ

માલ બરોબર પેક કરી મોકલાવીશું.

ઓર્ડર સાથે પૈસા મોકલવા વિનંતી છે.

અમે નીચેની વસ્તુઓ ડાઇરેક્ટ ઇમ્પોર્ટ કરીએ છીએ. માલ સારો અને કીફાયત ભાવે મળશે. અમારા પ્રાઇસ લીસ્ટ માટે લખો:

શેકેલા ચણા, બદામ, એલચી, પૌવાં, મમરા, સેન્ટેડ સોપારી, કાચી સોપારી, શેકેલી સોપારી, ગોળ, આંબલી, કાથો, હીંગ, મસુર, દરેક જાતની દાળો, ચણાનો આટો, અડદનો આટો, પાણીવાળા નાળીએર, વરીઆરી, જીરૂ, લવીંગ, મેથી, રાઇ, અજમો, સુવા, હીમેજ, ધાણા, ધાણા દાળ, આખા મરચાં, નારીયેળનો ભુકો, રાજગરો, ખસખસ, હળદળ, વિગેરે.

## K. HARIBHAI & SONS

(PTY) LTD.

Direct Importers: Wholesale & Retail Merchants.
81 Victoria Street, — P.O. Box 2156 — Durban.
Telegraphic Add. "BHAISONS"

---

# શ્રીમતી તહેમી સોરાબજી રૂસ્તમજી

જણાવતા આનંદ થાય છે કે તેઓ

## નેશનલ મ્યુચ્યુઅલ લાઇફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલેશીયા લીમીટેડ

**સ્થાપના ૧૮૬૯ વિક્ટોરીયા, ઓસ્ટ્રેલીયા**

— ના —

## પ્રતિનીધી નિમાયા છે

**નેશનલ મ્યુચ્યુઅલનો જીંદગીનો વિમો એ ખરી બાંયધરી છે.**

**વધુ વિગત માટે લખો યા મળો:**

**૧૦૬ મેન્સફીલ્ડ રોડ, — ડરબન.**

બોક્સ ૪૭૬,
ટેલીગ્રામ—કેબલ "સોરાબટેમ"

ટેલીફોન: ૪૭૯૮૮
૪૭૪૫૩

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

લગ્ન પ્રસંગો માટે

અમને મળો.

સુરતી જમણના અમે સ્પેશ્યલીસ્ટ છીએ.

શ્રી કેપીટનની અંગત દેખરેખ નીચે યુનીયનના અને રોડેસીયાના કોઈ પણ ભાગમાં તમારે મુકામે આવી રસોઈ કરવાનો અમે કન્ટ્રાક્ટ લઈશું.

## કેપીટન્સ બાલ્કની હોટેલ

(ધી કોર્નર મીઠાઈ હાઉસ)

ગ્રે અને વિક્ટોરીયા સ્ટ્રીટના ખુણાપર — ડરબન.

ફોન નંબર ૨૩૪૧૪ ટેલીગ્રામ: KAPITAN.

## ધીરૂભાઈ પી. નાયક

બુકકીપર, મુસાફરી, વીમાનાં અને જનરલ એજન્ટ

હીંદુસ્તાન અગર દુનીયાના કોઈ પણ ભાગની હવાઈ દરિયાઈ અગર જમીન માર્ગે મુસાફરી કરવા ઘેર બેઠાં અમારી મારફતે બુકીંગ કરો.

જીંદગી, આગ, ચોરી, હુલ્લડ, અકસ્માત, પ્લેટગ્લાસ, વિગેરેના વીમા અમે ઉતરાવી આપીએ છીએ.

ઈન્કમટેક્સ, પરસનલ ટેક્સ, હિસાબના ચોપડા લખાવવા રેવન્યુ ક્લીયરન્સ સર્ટીફીકેટ કે વેપારના લાયસેન્સો. પાસપોર્ટ તેમજ ઈમીગ્રેશનને લગતી બાબતોમાં કંઈ પણ ફી લીધા વિના અમે મફત સલાહ આપીએ છીએ.

નેશનલ મ્યુચ્યુઅલ લાઈફ એસોસીએશન ઓફ ઓસ્ટ્રેલીયા અને ચાર્ટર્ડ ઈનસ્યુરન્સ કંપની લીમીટેડના પ્રતિનિધિ.

Phone : 33-9033. 26 Barkly Arcade,

Cor. 38, Market & Diagonal St., J'BURG.

## તાજું ઉમદા ફ્રુટ

આંબા અથાણ, લીલી અળદ, રતાળ અને સુરણની મોસમ ચાલુ છે. આદુ પેની ૮ રતલ, લસણ શી. ૧–૩ રતલ. પાપડ નંબર ૧ શી. ૧૦, નંબર ૨ શી. ૮ ૧૦૦.

કપુરી અને ચેવલી પાન બજાર ભાવ, પોસ્ટેજ જુદું. બારકીટ ગોળ શી. ૧૦–૬ લાંબી અને સ્કવેર બારકીટ શી. ૧૧–૬ ડઝન.

રોડેસીયા, ન્યાસાલેન્ડ અને બેલજીયન કોંગોના ઓરડરો ઉપર પુરતું ધ્યાન આપી કોઈ પણ વસ્તુ પરમીટ કઢાવી મોકલશું.

*All prices subject to Market fluctuations.*

**A. KADER & Co., (PTY) LTD.**

WHOLESALE FRUIT MERCHANTS

P. O. Box 251. DURBAN.

## ફરનીચર! ફરનીચર!! ફરનીચર!!!

બેડરૂમ સ્યુટ, ડાઈનીંગરૂમ સ્યુટ, વોર્ડરોબ, ડ્રેસીંગ ચેસ્ટ, સાઈડ બોર્ડ ઓફીસ ડેસ્ક, બુક કેસ, ટેબલ, વગેરે કીફાયત ભાવે ખરીદી શકશો. જાતે પધારી લાભ લેવા ચુકશો નહિ.

—બોક્સ, ટેબલ અને કીચન ડ્રેસર—

જે હમારી દેખરેખ નીચે તઈયાર થાય છે. તેનો સ્ટોક હમેશાં તઈયાર રહે છે. માત્ર રોકડા ભાવોના પ્રાઈસ લીસ્ટ મંગાવો અને વેપાર આગળ વધારો.

**L. MISTRY**

51 BREE STREET, BURGERSDORP, J'BURG.

PHONE 33-4691. BOX 2526.

હીંદની મોટામાં મોટી વિમાની કમ્પની તમારી સેવામાં

—ધી—

# ન્યુ ઇન્ડીયા ઇન્સ્યુરન્સ

કંપની લીમીટેડ

સાઉથ આફ્રિકાના એકજ મુખ્ય પ્રતિનિધિ

## રૂસ્તમજી જાલભાઇ રૂસ્તમજી

૧૪૦ કવીન સ્ટ્રીટ,

ડરબન — નાટાલ.

સેવા અને નિર્ભયતા

માટે અમને મળો.

બધી જાતના વિમાઓ અમે ઉતારીએ છીએ.

પી. ઓ. બોક્સ ૧૬૧૦.
રેસીડેન્સ : ૧૧૧ ઇલેવન્થ એવન્યુ,
ડરબન.

ટેલીફોન્સ:
ઓફીસ: ૨૫૮૪૫
રેસીડેન્સ: ૩૬૪૧૩.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor

સંમેલન હતું ફક્ત ૧૫ સભ્યો હાજર હતા. પણ તેમાં જાણીતા આંતરરાષ્ટ્રીય પ્રવૃતિઓનું જેઓએ અભ્યાસ પૂર્ણ જ્ઞાન મેળવ્યું છે એવા પ્રોફેસરો વેપારીઓ વિગેરે હતાં. ખાસ આમંત્રણથી શ્રી જયપ્રકાશ નારાયણ પણ હાજર રહ્યા હતાં. એમને વિનંતી કરવામાં આવી હતી કે ભારતમાં વિનોબાજીના કાર્યની અમને સમજુતી આપો. એમને આપેલી માહીતીથી કોઇને આશ્ચર્ય કે નીરાશા ન થઇ. કારણ જે લોકો ઉપસ્થીત હતાં તેઓ જાણતાં હતાં કે આ માર્ગ ભારત બ્રિટન અથવા કહીએ તો સમસ્ત વિશ્વ માટે આવશ્યક છે. પણ જો ભારત, સમસ્ત પુર્વના દેશો, અને આફ્રિકા પણ કે જે નવી આ સભ્યતા કે જે વિજ્ઞાન યુગમાં પ્રિય થઇ બેઠા છે તેને અનુસરસે તો માનવ જાતીના વિનાશની ભવિષ્ય વાણી ઉચ્ચારી શકાય છે.

બીજી તરફથી વિનોબાજીએ એવો મત જાહેર કર્યો છે કે, આ ભૌતિક સર્વ વ્યાપી સભ્યતાનો સામનો કરી શકે તેવા બે દેશ છે એક ભારત અને બીજો બ્રીટન આ દેશો પહેલ કરી આ સભ્યતાને દુર કરી શાંતીના નવા યુગનું ઉથ્થાન કરી શકશે. એમને ગાંધીજીના વિચારોને સક્રિયતા આપી છે. અને એવી વિચાર ધારા ફેલાવે છે કે, જે કંઇ આપણી પાસે છે તે ફક્ત ટ્રસ્ટી શીપના ધ્યેયથી ફક્ત સાચવવા માટેજ છે. આથી જ્યારે પ્રજા માટે કે ગામ માટે જરૂર જણાય ત્યારે તે વાપરવું આવશ્યક છે. આને આત્મદાનના રૂપમાં તેઓએ હવે વહેતું કર્યું છે. આ વિચાર ધારા અનુસાર વ્યક્તી પોતા પાસે રહેલી સારામાં સારી ચીજ બીજાને આપી આનંદ અને સંતોષ અનુભવે છે. અને તે બધાના લાભમાં વપરાય તેથી તે સંતોષ માને છે. આમ કરી તે ફક્ત આત્મ સંતોષજ નથી મેળવતો પણ એ એવા જીવનને ભોગવે છે કે જે જીવન વિશે ઇશુએ અનુરોધ કર્યો હતો.

આજ માર્ગે ભારતની મુક્તી અને દુનીયાની મુક્તીની આશા છે.

---

## કેનીયા કેંપમાં જુલમી વરતાવ

( ૩૦૨ પાનાનું અનુસંધાન )

તેમના હાથમાં એ બધા કેમ્પોનો વહીવટ રહેશે અને તે આફ્રિકન એફેર્સ મીનીસ્ટર નીચે રહેશે.

આ પ્રમાણે જે કમીશનર નીમાશે તે જગો ઉપર ઉત્તર ન્યાન્ઝાના ડીસ્ટ્રીકટ કમીશનર મી. આર. જી. વીલસનની નીમણુંક કરવામાં આવશે તે બધા અટકાયતી કેમ્પોનો વહીવટ કરશે.

હોલા કેમ્પમાં બનેલા આ ચકચાર ભર્યા ગમખ્વાર બનાવ અંગે આમની સભા બહુ રસ લઇ રહેલ છે. વડા પ્રધાન તેમ વિરૂદ્ધ પક્ષના નેતા પણ આ બનાવને કમનસીબ—ગમખ્વાર બનાવ ગણી તે ઉપર ચીંતા વ્યક્ત કરે છે અને રસ લે છે.


પો. બો. ૫૭૬૦ —•— ટેલીફોન ૩૩-૫૮૨૦

ટેલીગ્રાફ એડ્રેસ: "ભગતકો"

### ભગત બ્રધર્સ (પ્રો) લી.

૧૪ કોર્ટ સ્ટ્રીટ,

જોહાનીસબર્ગ.

હોલસેલ અને રીટેઇલ મર્ચન્ટ અને ઇમ્પોર્ટર્સ

ખાસ કરીને હમારે ત્યાં ઇન્ડિયન અને ઈંગ્લીશ ગ્રોસરી, દેશી માથામાં નાંખવાના જાત જાતના તેલો–અત્તરો, સ્ટેનલેસ સ્ટીલ, પીત્તળના અને એલ્યુમીન્યમના વાસણો–કાચ અને પ્લાસ્ટીકની બંગડીઓ– કેરમબોર્ડ અને સ્ટ્રાઇકર તથા બીજી અનેક દેશી ચીજો કીફાયત ભાવથી મળશે.

આ જગા ભાડે આપવાની છે

### જાહેર ખબર આપી આ પત્રને મદદ રૂપ બનો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| એક વખત માટે | પ્રત્યેક વખતની | પા. | ૪ | ૦ | ૦ |
| ત્રણ વખત માટે | ,, | પા. | ૨ | ૧૦ | ૦ |
| છ વખત માટે | ,, | પા. | ૨ | ૦ | ૦ |
| એક વરસ માટે | ,, | પા. | ૧ | ૦ | ૦ |

**Manager, INDIAN OPINION**
**Private Bag, Durban.**

### લીસ્ટ નં. ૩ બોધપ્રદ નવાં પુસ્તકો

| | | |
|---|---|---|
| જગતના ઇતિહાસનું સંક્ષિપ્ત રેખાદર્શન (જવાહરલાલજી) | ૧૮ | ૦ |
| મહાદેવભાઈની ડાયરી ભાગ ૧ લો (ગુજરાતીમાં નથી. હીંદીમાં જ છે) | ૧૦ | ૦ |
| ,, ,, ,, ૨ જો ,, છે. | ૧૨ | ૦ |
| ,, ,, ,, ૩ જો | ૧૧ | ૦ |
| ,, ,, ,, ૪ થો | ૮ | ૬ |
| જીવનનો આનંદ (કાકા કાલેલકર) | ૮ | ૩ |
| અમારાં બા (વનમાળા નૈયર) | ૪ | ૬ |
| કેળવણી વિકાસ | ૩ | ૦ |
| ચીન દેશનાં કથાનકો ( મુકુલભાઈ કલાર્થી ) | ૨ | ૦ |
| જાણવા જેવી વાતો ,, ,, | ૧ | ૩ |
| જીવન અને મરણ ,, ,, | ૧ | ૩ |
| ધર્મ સંસ્થાપકો ,, ,, | ૧ | ૩ |
| પચાસ પ્રેરક પ્રસંગો ,, ,, | ૨ | ૦ |
| પ્રતિભાનું તેજ ,, ,, | ૧ | ૩ |
| બકોરાજ ,, ,, | ૨ | ૬ |
| બોધક ટીકડીઓ ,, ,, | ૨ | ૦ |
| મોટા માણસનાં મન ,, ,, | ૨ | ૦ |
| શીલ અને સદાચાર ,, ,, | ૧ | ૩ |
| શેખ સાદીની બોધ કથાઓ ,, ,, | ૧ | ૬ |
| સંત સમાગમ ,, ,, | ૧ | ૩ |
| માનવ જીવનનું ઝવેરાત ,, ,, | ૧ | ૩ |
| પ્રાચીન શીલ્પ કથાઓ (ગોપાળદાસ જી. પટેલ) | ૧ | ૬ |
| ગાંધીજીનો વિનોદ ( લલ્લુભાઈ મકનજી ) | ૨ | ૦ |
| બાપુના બા ને પત્રો (મણીલાલ ગાંધી) | ૨ | ૬ |
| કસ્તુરબા સ્મારક અંક ( ઈ. ઓ. ) | ૧ | ૬ |
| ગાંધી ,, ,, ,, | ૨ | ૦ |
| ગોલ્ડન જ્યુબીલી ,, ,, (ફીનીક્ષ) | ૧ | ૦ |
| ગુજરાતી અંગ્રેજી ભાષાંતર પાઠ માળા (ભાગ ૪ થો ઉ.) | ૨ | ૦ |

### માસ્ટર બ્રધર્સ (પ્રો.) લીમીટેડ

જાત જાતનાં નાયલન, રેશમી તેમજ સુતરાઉ કાપડ, સ્ત્રીઓ બાળકો અને પુરૂષો માટે ઉત્તમ જાતના ઉલન જર્સી, પુલોવર, કારડીગન્સ અને બચ્ચાઓ માટે—બુટીઝ, બીબ્સ, બ્લેન્કેટ્સ, શોલ્સ; નેપકીન્સ વિગેરે.

દરેક જાતના માલ માટે તપાસ કરવા ભલામણ.

૩૩ વેસ્ટ સ્ટ્રીટ, જોહાનીસબર્ગ.

ફોન: ૮૩૫-૬૭૮૬ — બોકસ ૨૫૪૯.

### હમણા જ આવેલો હિંદનો માલ

જથ્થા બંધ આયત

સીધી આયત કરવાથી અમારો માલ સસ્તો અને સારો હોય છે. ગમે તે બીજા માલ સાથે સરખાવો.

અગરબત્તી:

નાઈટ ક્વીન:– ના તોલા ૪/- ડઝન, સુગંધ રાણી ના તોલા ૪/- ડઝન

ચમેલી ૧ તોલા શી. ૧૦–૬ ડઝન, સ્ટીમર નં. ૪૪૪ ૩ " ૮/૬ ડઝન

વસંતી (પ્રત્યેક પકીટમાં અત્તરની શીશી સાથે) ૨ તોલા શી. ૧૫–૦ ડઝન

કેરમ બોર્ડ: રબર કુશીન અથવા સાદા સારો માલ હીંદની બનાવટના £૫/૧૦,૦ પ્રત્યેકના. કુકડી અને સ્ટ્રાયકર અને ખાસ રમતની માહીતીઓ સાથે.

કેશ ઓર્ડર સ્વીકારશું.

સી. ઓ ડી. ઓર્ડર નોંધવતા ૨૫ ટકા ડીપોઝીટ લેવામાં આવશે.

**એ. કે. હુસેન એન્ડ સન્સ**

૧૧૬ ક્વીન સ્ટ્રીટ, ડરબન. બોકસ ૨૧૬૮, ફોન ૨૭૩૪૮/૯.


Printed And Published by Mrs. Sushila Gandhi, International Printing Press, (Phoenix) Private Bag, Durban, Natal.

PDF compression, OCR, web optimization using a watermarked evaluation copy of CVISION PDFCompressor